ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૦. ડીગ્રી
લઘુતમ : ૨૫.૭ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૯૫ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં પાણીજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ

સેક્ટરોમાં ભરાયેલાં વરસાદી પાણીનો નિકાલ કરી દવાનો છંટકાવ કરવાની માંગ ઉઠી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં વરસાદી સિઝનમાં છેલ્લા ઘણા દિવસોથી પાણીજન્ય રોગચાળાએ માથુ ઉંચક્યું છે. વરસાદી પાણી ઠેર ઠેર ભરાઈ રહેવાના કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે. આ સમસ્યાના નિરાકરણ માટે સેક્ટરોમાં કોમન ચોકમાં ભરાઈ રહેલાં વરસાદી પાણીનો નિકાલ કરી નિયમિત સાફ-સફાઈ કરવા ઉપરાંત જંતુનાશક દવાનો છંટકાવ કરવા માટે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને રજૂઆત કરવામાં આવી છે.

હાલમાં ચોમાસાની સીઝનમાં છેલ્લા એક મહિનાથી વધતો ઓછો વરસાદ ધીમી ગતિએ પડી રહ્યો છે. આથી શહેરના સેક્ટરો અને ગ્રામ્ય વિસ્તારમાં વરસાદને કારણે ઠેર ઠેર પાણીના ખાબોચિયાં ભરાઈ ગયાં છે. સેક્ટરોના કોમન ચોકમાં આંતરિક રોડ તથા ગટરોનું જમીન લેવલના અભાવે પાણીનો યોગ્ય નિકાલ થતો નથી. વરસાદી પાણીના કારણે મચ્છરજન્ય રોગચાળો વકરી રહ્યો છે. ઘરે ઘરે બિમારીના ખાટલા અને હોસ્પિટલમાં દર્દીઓની લાંબી કતારો લાગી રહી છે. આ અંગે શહેર વસાહત મહાસંઘ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરાઈ છે કે દિવસે ને દિવસે કોરોનાનો આંકડો આગળ વધતો જાય છે અને પાણીજન્ય રોગચાળો પણ વધ્યો છે જેથી ડોર ટુ ડોર આરોગ્ય ચકાસણી કેમ્પ યોજવા જરૂરી બન્યા છે. તેમજ સેક્ટરોનાં કોમન ચોકમાં સાફ-સફાઈ અને દવાઓનો છંટકાવ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવે.

શહેરમાં મચ્છરોનો ઉપદ્રવ વધવાના કારણે મચ્છરજન્ય રોગચાળો વધવાની દહેશત સેવાઈ રહી છે. સામાન્ય તાવ, શરદી, ખાંસી, ઉધરસ, ડેન્ગ્યુ, મેલેરિયા, જેવી બિમારીઓના કેસમાં સતત ઉછાળો આવ્યો છે. તેથી આરોગ્યતંત્રએ પણ યોગ્ય તકેદારીના પગલા લેવા જોઈએ. ઠેર ઠેર ભરાયેલા પાણીનો નિકાલ ઝડપથી કરવો જોઈએ. અખાદ્ય ખોરાકનો વેપલો ચોમાસા દરમિયાન ગંભીર રોગો ફેલાવી શકે છે. તેથી આ અખાદ્ય ખાણી-પીણીની ઠેકડીઓ બંધ કરાવવી જોઈએ. શહેરમાં વધી રહેલા રોગચાળાના પગલે ચૂંટાયેલ કોર્પોરેટરોએ પોતાના વોર્ડમાં મુલાકાત કરી વરસાદી પાણીના નિકાલ, કોમન ચોકની નિયમિત સાફ સફાઈ તેમજ મચ્છરોનો નાશ કરવા તંત્રની ટીમ સાથે જોડે રહીને દવાનો છંટકાવ કરાવવો જોઈએ. આંતરિક માર્ગો ઉપર રખડતી ગાયોનો પણ ઉપદ્રવ વધી ગયો છે. જેના કારણે પણ ગંદકીનું સામ્રાજ્ય વધી રહ્યું છે. આથી સમયસર શહેરમાં વકરી રહેલો રોગચાળો અંકુશમાં લેવા અસરકારક પગલાં ભરવાની સૌ નગરજનો દ્વારા માંગણી કરવામાં આવી છે.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય તરફથી મુખ્યમંત્રીશ્રી નિવાસ સ્થાને આયોજિત રક્ષાબંધન સમારોહમાં બ્રહ્માકુમારીઝ સેક્ટર.૨૮ સેવાકેન્દ્ર સંચાલિકા રાજયોગીની કૈલાશ દીદીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પરમાતમ પ્યાર, શક્તિ અને વરદાન યુક્ત રક્ષા બાંધી દિલના આશીર્વાદ આપેલ હતા. ચીલોડા સેવાકેન્દ્ર સંચાલિકા બી.કે.તારાબેને આત્મસ્મૃતિનું તિલક કર્યુ હતુ.

તા.૧૨ ઓગસ્ટના રોજ જે.એમ.ચૌધરી સાર્વજનિક પૂર્વ પ્રાથમિક શાળા ખાતે જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં નર્સરી, જુ.કેજી, સિ.કેજીના નાના ભુલકાઓ રાધા-કૃષ્ણ બનીને આવ્યા હતા અને ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. શિક્ષિકા બહેનો અને આચાર્યા અંજનાબેન ચૌધરીએ આ ઉજવણીમાં ભાગ લઈને બાળકોમાં ઉત્સાહ વધાર્યો હતો.

મેટલર્જી વિભાગ (NBA Accredited), સરકારી ઈજનેરી કોલેજ તથા ઈન્ડસ યુનિ. અમદાવાદના સહયોગથી રાજયકક્ષાની પોસ્ટર પ્રેઝન્ટેશન ઈવેન્ટ તાજેતરમાં યોજાઈ હતી. આ ઈવેન્ટમાં થીમ્સ મટીરીયલ પ્રોસેસીંગ, પ્રોપર્ટીસ, ટેસ્ટીંગ અને કેરેકટેરાઈઝેશન હતી. કુલ ૨૩ પોસ્ટર્સ પ્રસ્તુત કરાયા હતા જેમાં પાંચ સંસ્થાઓના ૪૪ વિદ્યાર્થીઓને ભાગ લીધો હતો. પ્રથમ વિજેતાને ઈનામ આપવામાં આવ્યા હતા તો આવા પ્રકારની સ્પર્ધાના આયોજનથી વિદ્યાર્થીઓમાં ટીમ બિલ્ડીંગ, કમ્યુનિકેશન સ્કીલ, પ્રોજેકટ મેનેજમેન્ટ અને મેટલર્જી વિષયનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

સિમબર સમવાય ઔદિચ્ય બ્રાહ્મણ સમાજ દ્વારા શ્રાવણીની ઉજવણી સેકટર-૭ કોમ્યુનિટી હોલખાતે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ગણેશ વંદના વીરા, બિલ્વા અને વેદાંશી દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી. ઉજવણી અંતર્ગત ઉપનયન બદલવાની વિધિ પણ યોજાઈ હતી. આ પ્રસંગે ગાંધીનગર ખાતે વસવાટ કરતાં સમાજના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

સ્વામિનારાયણ પોલિટેકનિક સંયુક્ત ઉપક્રમે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત "હર-ઘર તિરંગા" કાર્યક્રમની ઉજવણી

ગાંધીનગર,તા.૧૨

આજરોજ ૧૨ ઓગસ્ટ ૨૦૨૨ ના રોજ શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી અને શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકના સંયુક્ત ઉપક્રમે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત "હર-ઘર તિરંગા" કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગર મ્યુનિસિપાલટી કોર્પોરેશનના મેયર હિતેશ મકવાણા સાથે ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશુભાઈ પટેલ જોડાયા હતા. સાથે સંસ્થાના ચેરમેન પરમ પૂજ્ય શાસ્ત્રી રામકૃષ્ણ સ્વામીજી સંસ્થાના ડાયરેક્ટર ધર્મેશ વંડરા અને શ્રી સ્વામિનારાયણ ના પ્રિન્સિપાલ હિતેશ વંડરા સાથે સાથે શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિક કોલેજના એકેડેમિક ડાયરેક્ટર શ્રી ભાવિક શાહ આ કાર્યક્રમમાં ઉષ્માભેર જોડાયા હતા.

મહાનુભાવો દ્વારા વિદ્યાર્થીઓને રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રપ્રેમ નું મહત્વ સમજાવ્યું હતું અને યુક્રેનના દ્રષ્ટાંત આપતા મેયર શ્રી એ ધ્વજનું મહત્વ વિદ્યાર્થીઓમાં ઘડાવ્યું હતું. સંસ્થાના ૧,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ પોતાના ઘરે તિરંગો ફરકાવી "હર-ઘર તિરંગા" કાર્યક્રમમાં સ્વદેશ પ્રેમની અભિવ્યક્ત કરવાના શપથ લીધા હતા. હાલની વિશ્વની પરિસ્થિતિમાં મજબૂત દેશ જ વર્ચસ્વ કરશે અને જે દેશના નાગરિકોને પોતાના વતનને પ્રત્યે પ્રેમ હોય તે જ દેશ મજબૂત બનશે, તો ગુરુકુળના વિદ્યાર્થીઓ ૫૧ હજાર ઘરમાં તિરંગા ફરકાવવા માટે માર્ગદર્શક બનશે તેવા આશીર્વાદ સ્વામી શ્રી રામકૃષ્ણ સ્વામી એ આપ્યા હતા. અંતમાં મેયર, સ્વામીજી, સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓ તિરંગા યાત્રામાં જોડાયા હતા. તિરંગા ગીત અને ભારત માતાકી જય ના જયનાદ સાથે ઉત્સાહ ભર્યું વાતાવરણ બન્યું હતું.

ગુરુવાર, તા.૧૧મી ઑગસ્ટ,૨૦૨૨ના રોજ રક્ષાબંધનનું પાવન પર્વ નિવેદિતા મહિલા મંડળ, ગાંધીનગર તરફથી CRPF જવાનો સાથે ઘણા આનંદ અને ઉત્સાહથી મનાવવામાં આવ્યો હતો. સવારે ૧૧ વાગ્યે મહિલા મંડળની ૨૦ નિવેદિતા સખીઓ અને શ્રીમતી વૈજયન્તી ગુમેએ ગાંધીનગરના CRPF કેમ્પમાં જ?ઈને ત્યાંના જવાનો અને અધિકારી ભાઈઓને રાખડી બાંધીને ઘરથી દૂર રહેતા આ ભાઈઓ પ્રત્યેનો પોતાનો પ્રેમ અને આદર વ્યકત કર્યો હતો.આ સમયે DIG રામસિંગ,ડે. કમાંડન્ટ સપન સુમન,એ. એમ. પાંડે, રઘુનંદન ખંડેલવાલ તેમ જ આસિસ્ટન્ટ કમાંડન્ટ ગોપા કુમાર મંચ પર વિરાજમાન હતા.નિવેદિતા મહિલા મંડળનાં અધ્યક્ષા શ્રીમતી ઉષા ટાટુ તથા ઉપાધ્યક્ષા શ્રીમતી પ્રાજક્તા ઘળસાસીની મહેનતથી આ કાર્યક્રમ સફળ થયો હતો, જેનું સૂત્રસંચાલન શ્રીમતી કરુણા ચૌકેકર દ્વારા પ્રશંસનીય રીતે કરવામાં આવ્યું હતું.

"હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત કાપડની થેલીનું નિશુલ્ક વિતરણ

ગાંધીનગર,તા.૧૨

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી ચાલી રહી છે ત્યારે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત રાષ્ટ્રનાં પ્રત્યેક નાગરિકને તારીખ ૧૩/૧૪ અને ૧૫ ઓગષ્ટ દરમ્યાન ઘર,ઓફિસ,દુકાન તથા મકાન પાસે ધ્વજ ફરકાવવા આહવાન કરેલ છે.

"હર ઘર તિરંગા" અભિયાનમાં સહભાગી થનાર કુડાસણ પાટીયા,ગાંધીનગર ખાતે આવેલ જય યોગેશ્વર કોમ્પલેક્ષ નાં દરેક ફ્લેટ ધારક અને દુકાન ધારકને ગાંધીનગર ના પર્યાવરણ પ્રેમી પ્રદીપ સોલંકી તથા મનિષા જોષી પરિવાર તરફથી " પ્લાસ્ટિક મુક્ત રાષ્ટ્ર" ઝુંબેશ અંતર્ગત શુભેચ્છાનાં પ્રતિકરુપે કાપડની થેલીનું નિશુલ્ક વિતરણ કરવામાં આવશે.

વેદિક એસ્ટ્રો ફાઉન્ડેશન ટ્રસ્ટ તેમજ ફાઉન્ડર વિષ્ણુ વૈષ્ણવને અખંડ ભારત રાષ્ટ્ર વાદી સેવાદળ દ્વારા ગુજરાત ની સેવાભાવી સંસ્થાઓ અને સમાજ ક્ષેત્રે સેવાનું કાર્ય કરતા વ્યક્તિ વિશેષ તરીકે પસંદ કરી સર્કીટ હાઉસ ગાંધીનગર ખાતે ગુજરાત ગૌરવ સેવા રત્ન એવોર્ડ- ૨૦૨૨થી સન્માનીત કરવામાં આવ્યા હતા

એસ.જી.અંગ્રેજી પ્રાથમિક શાળામાં ડાન્સ સ્પર્ધા યોજાઇ

ગાંધીનગર,તા.૧૨

સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચલિત એસ જી અને એસ વી અંગ્રેજી માધ્યમ પ્રાથમીક શાળા મા ૭૬માં સ્વતંત્રતા દિવસ ની ઉજવણી નિમિત્તે ધોરણ ૧ થી ૪ માં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓ માટે'રાષ્ટ્રીય ગીત ઉપર ડાન્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક જોડાયા હતાં

વેદ કેમ્પસ ખાતે ફ્લેગ મેકીંગ એક્ટીવીટી યોજાઇ

ગાંધીનગર,તા.૧૨

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીના ભાગરૂપે બેજ મેકિંગ, કેન્ડલ્સ તથા ફ્લેગ મેકિંગ એક્ટિવિટી યોજવામાં આવી.

બાળકોમાં ક્રિએટિવિટી માં વધારો થાય તથા આપણા ભારત દેશ ના 'ત્રિરંગા' ને માન આપે અને તે વિશે જાણે તે હેતુથી આ એક્ટિવિટી યોજવામાં આવી હતી. બાળકોએ સુંદર મજાના ત્રિરંગા બનાવ્યા હતા. અને અલગ અલગ પ્રકારના નેશનલ સિમ્બોલ્સ ,કેન્ડલ્સ પણ બનાવ્યા હતા. ત્યારબાદ સ્વતંત્રતા દિવસને અનુરૂપ ખુબ સુંદર મજાના બેજીસ વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવ્યા હતા. આ સુંદર મજાનું કાર્ય બાળકોએ કરી ભારત દેશને વધુ આગળ લાવવા તથા હર હંમેશ સન્માન આપવાની પ્રતિજ્ઞા પણ લીધી હતી.

સરકારી વાણિજ્ય કોલેજ ખાતે રન ફોર તિરંગા

ગાંધીનગર,તા.૧૨

આજરોજ ગુજરાત યુનિવર્સિટી દ્વારા સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગર ના સંકલનમાં જિલ્લા કક્ષાએ રન ફોર તિરંગાનું આયોજન કરવામાં આવેલ હતું. આ રન ફોર તિરંગામાં ગાંધીનગરની કોલેજોના ૨૫૦૦ થી વધારે એનએસએસ, એનસીસી સહિતના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સ્ટાફ અને પોલીસના જવાનો તેમજ નાગરિકો પણ જોડાયા હતા. આ રન ફોર તિરંગામાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, આઈઆઈટીઈ અને ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હર્ષદભાઈ પટેલ, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. હર્ષદ પટેલે વિદ્યાર્થીઓને રન ફોર તિરંગામાં પ્રેરક ઉદબોધન કરેલ હતું. જ્યારે મેયર તથા તમામ મહાનુભાવો વિદ્યાર્થીઓની સાથે રન ફોર તિરંગા નિમિત્તે જોશભેર જોડાયા હતા. રન ફોર તિરંગા સચિવાલય પિકઅપ બસ સ્ટેન્ડ થી શરૂ થઈ ચ-૫ થી ઘ-૫ સુધી શિસ્તબદ્ધ રીતે યોજાયેલ હતી. આ રન ફોર તિરંગા માં સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગર ના આચાર્ય ડૉ. અમિતકુમાર એન. સુતરીયા, તેમનો સ્ટાફ અને સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ના એન એસ એસ કો-ઓર્ડીનેટર ડૉ. ઉમેશ તરપદાએ સંકલન કરીને આ રન ફોર તિરંગા ને આગવી ઓળખ અપાવી હતી.

ગુજરાત પોલીસ દ્વારા ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી

ગાંધીનગર,તા.૧૨

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ગુજરાત પોલીસ ૭૫ આઝાદી નો અમૃત માહોત્સવ રાઈફર અનામત પોલીસ દળ, જૂથ-૧૨, ગાંધીનગર પરેડ માર્ચ પાસ્ટ સમારોહ તથા પી.ટી.યોગા, યુ.એસ.સી, કાર્યક્રમ, પરેડ સંચાલન PI.ડી.જી.ટુંડીયા, પી.ટી.યોગા PI.આર.જે.સોલંકી તથા રાજય અનામત પોલીસ દળ, જૂથ-૧૨ ના અધિકારી જવાનો, પોલીસ બેન્ડ, જૂથ-૧૨ દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા શાળાના ટ્રસ્ટ્રીશ્રી, પ્રિન્સીપલ મેડમ, તથા શિક્ષણગણે ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓમાં પણ અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. જેમા બાળકોમાં દેશ પ્રેમની ભાવના જાગ્રત થઈ હતી.

જન્મદિને વધામણી

નિર્મલબેન સોલંકી

મંથન ભટ્ટ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ

બરખા જહા

જય પવાર
મો. ૯૪૦૮૦ ૨૬૫૧૬

સૂર્યકાન્ત બારોટ
કાર્યકારી પ્રમુખ, પેન્શનર સમાજ
મો. : ૯૯૧૩૩ ૭૭૩૬૧